# ડાંગરના પાકમાં ગાભમારાની ઈયળનો ઉપદ્રવ અને તેનુ સંકલિત નિયંત્રણ

કીટકશાસ્ત્ર વિભાગ, ન.મ.કૃષિ મહાવિદ્યાલય નવસારી ખાતે ચાલતી રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના' મોજણી અને નિગાહ આધારિત પાક રોગ જીવાત પૂર્વાનુમાન પધ્ધતિ' હેઠળ ડાંગરના પાકમાં ગાભમારાની ઈયળનો ઉપદ્રવ ક્ષમ્યમાત્રા કરતા વધુ જોવા મળેલ છે. આ જીવાતના નિયંત્રણ માટે ખેડુતોને નીચે મુજબના પગલા હાથ ધરવા જણાવવામાં આવે છે.

**ડાંગરની ગાભમારાની ઈયળ :**

આ જીવાતની ઈયળ શરૂઆતમાં છોડનો કૂમળો ભાગ ખાય છે ત્યારબાદ પાણીના સ્તરથી સહેજ ઉપર પીલામાં કાણું પાડી પીલામાં દાખલ થઈ પીલાની વચ્ચેનો ભાગ ખાય છે. જેથી પીલાનો વચ્ચેનો ભાગ સુકાઈ જાય છે. જેને ગાભમારો અથવા **"ડેડહાર્ટ"** તરીકે ઓળખવામાં આવે છે. કંટી નીકળવાના સમયે ઉપદ્રવ હોય તો દાણા પોસાતા નથી અને કંટી સુકાઈને સફેદ થઈ જાય છે.

**નિયંત્રણ વ્યવસ્થાપન :**

- રોપણી બાદ પાન પર મૂકાયેલા ઈંડાંના સમુહો વીણીને નાશ કરવા.
- ડાંગરની ગાભમારાની ઈયળ માટેની ટ્રેપ હેકટર દીઠ ૫ ફેરોમોન ગોઠવવાથી તથા તેમાં દર ૨૧ દિવસે જરૂર મુજબ સ્કીરપોલ્યુર બદલવાથી જીવાતના ઉપદ્રવની જાણકારી મેળવી શકાય છે.
- રાસાયણિક નિયંત્રણ માટે કાર્બોસલ્ફાન ૫% (૪ કિ. ગ્રા.) અથવા કાર્ટેપ હાઈડ્રોકલોરાઈડ ૪% (૫ કિ. ગ્રા.) અથવા કાર્બોફ્યુરાન ૩% (૬ કિ. ગ્રા.) પ્રતિ વીઘા પ્રમાણે બે વખત (પ્રથમ હપ્તો જીવાતનો ઉપદ્રવ શરૂ થાય ત્યારે અથવા ફેરરોપણી પછી ૩૦ થી ૩૫ દિવસે અને ત્યારબાદ બીજી માવજત ૧૫ થી ૨૦ દિવસે) કયારીમાંથી પાણી નિતારીને આપવી.
- પ્રવાહી જંતુનાશક દવાનો છંટકાવ કરવો હોય તો એક ચોરસ મીટર વિસ્તારમાં એક ઈંડાનો સમૂહ જોવા મળે તો ફેનીટ્રોથીઓન ૫૦ ટકા ઈસી ૧૦ મી. લી. અથવા ટ્રાએઝોફોસ ૪૦ ટકા ઈસી ૧૨ મી. લી. અથવા કારટેપ હાઈડ્રોકલોરાઈડ ૫૦ ટકા સોલ્યુબલ પાવડર ૧૦ ગ્રામ દવા ૧૦ લીટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવો.

**ડાંગરની ખેતી થતાં વિસ્તારમાં આ જીવાતના ઉપદ્રવની માત્રાને કાબુમાં રાખવા માટે મતલબકે પછીની ઋતુમાં અથવા વર્ષમાં આવનાર ડાંગરની ખેતીમાં ઉપદ્રવ ઘટાડવા/અટકાવવા માટે સંકલિત જીવાત વ્યવસ્થાપનના ભાગરૂપે નીચેના પગલાં પણ હાથ ધરવા ખુબ જ આવશ્યક છે.**

- આ જીવાતના સંકલિત નિયંત્રણ માટે પાક પુરો થયે તાત્કાલિક ઉંડી ખેડ કરી જડીયાનો નાશ કરવો તેમજ પાકની ફેરબદલી કરતા રહેવું.
- ડાંગરની વહેલી રોપણી જુલાઈના પ્રથમ અઠવાડિયામાં કરવી.
- ડાંગરની કેટલીક જાતો જેવી કે નર્મદા, જીઆર૧૦૨, આઈઆર ૨૨, આઈ આર ૬૬, ગુર્જરી અને સીઆર ૧૩૮–૯૨૮ જાતોમાં ગાભમારાની ઈયળનો ઉપદ્રવ પ્રમાણમાં ઓછો જોવા મળે છે જેથી શકય હોય ત્યાં વાવેતર માટે આવી જાતોની પસંદગી કરવી જોઈએ.

- આ જીવાતનો ઉપદ્રવ ધરૂવાડિયામાં જ શરૂ થઈ જતો હોવાથી કાર્બોફ્યુરાન ૩% અથવા કાર્ટેપ હાઈડ્રોકલોરાઈડ ૪% દાણાદાર દવા ૧ કિ. ગ્રા. અથવા નિમાર્ક ૧૫% દાણાદાર દવા ૨૦૦ ગ્રામ અથવા ફોરેટ ૧૦% દાણાદાર દવા ૪૦૦ ગ્રામ પ્રતિ ૧૦૦ ચો. મી. વિસ્તાર દીઠ પ્રથમ હપ્તો ધરૂ નાખ્યા બાદ પાંચમાં દિવસે અને બીજો હપ્તો ધરૂ ઉપાડવાનાં પાંચ દિવસ પહેલા જમીનમાં આપવી.

|  |  |
|---|---|
| **ડાંગરમાં ગાભમારાની ઈયળથી થતુ નુકશાન** | **ડાંગરની ગાભમારાની ઈયળનું પુખ્ત કીટક** |